**Government Arts College, Kaparada**
**સરકારી વિનયન કોલેજ, કપરાડા**
મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭
સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

GACK/2024/SSIP 2.0/Idea Hackathon/179 DATE: 19/09/2024

## અહેવાલ

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક: એનએસએસ/ઉ.સા.નિ/૨૦૨૪/૧૦૩૫-૧૧૪૩ તા.17/08/2024 અનુસાર અત્રેની કોલેજમાં પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ તથા SSIP Cell અંતર્ગત IDEA HACKATHON નો કાર્યક્રમ સવારે ૧૧:30 કલાકથી ૦૧:30 કલાક દરમિયાન બે દિવસ તા.૧૮/૦૯/૨૦૨૪ અને ૧૯/૦૯/૨૦૨૪ ના રોજ આયોજિત કરવામાં આવેલ. જેમાં પ્રથમ દિવસ સેમિનાર અને બીજા દિવસે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

તા.૧૮/૦૯/૨૦૨૪ ના પ્રથમ દિવસે SSIP કો-ઓર્ડીનેટર પ્રા. મનોજ પટેલે ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરી, SSIP 2.0 પોલીસીનો પરિચય આપી, સ્ટાર્ટ અપનું શું મહત્વ છે તે સમજાવી, સ્ટાર્ટ અપ કરનાર વ્યક્તિ રોજગારી પ્રાપ્ત કરી, નવી રોજગારી ઊભી કરી નોકરીદાતા બને છે તે જણાવેલ. તેમણે વધુમાં જણાવેલ કે સ્ટાર્ટ અપ એ આપના આઈડીયાને Mind to Market સુધી પહોંચાડવાનું કામ કરે છે. આ સાથે બે દિવસના કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા પણ આપી હતી.

આજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. પી.બી.કુરકુટીઆએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી આશીર્વચન આપ્યા હતા. તેમણે આંબલીના ઠળીયા અને કેળાનું દૃષ્ટાંત આપી સ્ટાર્ટ અપના રસ્તાઓ તરફ દિશાનિર્દેશ કર્યો હતો.

આજના પ્રથમ વક્તા એવા પ્રા.ડી.વી.પટેલે ઈનોવેશન શું છે? સ્ટાર્ટ અપ શું છે? તે વ્યાખ્યાયિત કરી પોતાનું અસરકારક વક્તવ્ય રજુ કર્યું હતું. 'જે છે એમાં કંઈક નવું કરવું એ ઈનોવેશન છે' ત્યાંથી વકતવ્યની શરૂઆત કરી તેમણે નાગલી, અડદ, લીમડો, પશુપાલન(મરઘાં, બકરા, કરચલા વગેરે...), પેકેટિંગ, આલ્કલાઈન વોટર, હર્બલ મેડેસિન ઈત્યાદીમાં આપ સ્ટાર્ટ અપ કરી શકો છો તે વિગતે જણાવ્યું. છેલ્લે, 'સમાજને કઈ જરૂર છે? તે આપણે શોધવાનું છે.' તે જણાવી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું.

પ્રા. કિન્નરી એ. પટેલે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા મોકલવામાં આવેલ Suggestive Thematic Areas અને Problem Statement અંગે વિદ્યાર્થીઓને રસપ્રદ અને સમજ પડે એ રીતે સમજાવ્યા. સાથે સાથે એમણે મંદિરમાં સમર્પિત થતા ફૂલોથી અગરબત્તી,

પલાસના પાંદડામાંથી પતરાળી, વાંસની બનાવટો, ઓનલાઈન વ્યવસાય જેવા સ્ટાર્ટ અપ અંગેના દૃષ્ટાંતો આપ્યા હતા.

SSIP કૉ-ઓર્ડીનેટર પ્રા.મનોજ પટેલે ઈનોવેશન અને સ્ટાર્ટ અપના સમજ માટે ખુરસી, સેલફોન, ઑનલાઈન યોગા કરાવનાર સૌરભ બોઘરા, બુલેટ ઍન્જિન ધરાવતો છકડો; ડ્રીમ ઈલેવન, માય ઈલેવન સર્કલ જેવી ઓનલાઈન પ્લેટફોર્મ પર આધારિત ગેમ્સ, ડી-માર્ટ, સુગર એન્ડ સ્પાઈસ, શિવનેરી ચા, અમૃતતુલ્ય ચા જેવા ચેઈન બિઝનેસની વાત કરી હતી. સાથે સાથે એ પણ જણાવેલ કે આપણે ફ્રેંચાઈઝી લેવાની નથી પણ આપવાની છે એ સ્ટાર્ટ અપ છે. ઓનલાઈન ગેમ્સ રમવા હું પ્રોત્સાહન નથી આપતો. ઓનલાઈન ગેમ્સ એ રીસ્કી છે એ પણ ધ્યાન રાખવું.

પ્રા.મનોજ પટેલે ડૉલી ચાયવાલા, MBA ચાયવાલા અને પોહેવાલાની સ્ટાર્ટ અપ સ્ટોરી રજૂ કરી હતી. અંતે ટીમ ફૉર્મેશન કરી આજનો સેમિનાર પૂર્ણ કરવામાં આવ્યો હતો.

બીજા દિવસે તા. ૧૯/૦૯/૨૦૨૪ ના રોજ ટીમ ફૉર્મેશન પ્રમાણે બેસાડી આજના વર્કશોપની કાર્યપદ્ધતિ સમજાવવામાં આવી. આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી કાર્યક્રમની શુભકામનાઓ પાઠવી હતી.

વિદ્યાર્થીઓ ટીમ મુજબ બેસી આંતરિક ચર્ચા-વિચારણા કરી, Problem Identification કર્યો હતો. પોતાના Problem અનુસાર Idea Generation કરી SSIP કૉ-ઓર્ડીનેટરને જમા કરાવ્યો હતો.

ડૉ.વી.આર.વસાવા દ્વારા અભારવિધિ કરવામાં આવી હતી. આ બે દિવસના સેમિનાર અને વર્કશોપમાં પ્રથમ દિવસે ૫૫ વિદ્યાર્થીઓ અને ૧૧ અધ્યાપકશ્રીઓ; બીજા દિવસે ૬૯ વિદ્યાર્થીઓ અને ૧૨ અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન SSIP કૉ-ઓર્ડીનેટર પ્રા.મનોજ પટેલે દ્વારા કરવામાં આવ્યું હતું.

Govt. Arts College-Kaprada Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.